# ભિલોડાની પ્રેરણા હાઈસ્કૂલ ખાતે સામુહિક ઈ-લોકાર્પણ કાર્યક્રમ

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ મંત્રીની ઉપસ્થિતિમાં “PSA OXYGEN PLANT'S”નું લોકાર્પણ કરાયું: ભિલોડાની સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ ખાતે રૂ.૩૦ લાખના ખર્ચે ઓક્સિજન પ્લાન્ટ શરુ કરાયો






મોડાસા/ભિલોડા તા.૭

ભારતના ઉત્તરાખંડ રાજયના ઋષિકેશના એઈમ્સ ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ભારતના ૩૫ રાજ્યોમાં "PSA OXYGEN PLANT'S" નું ઈ-લોકાર્પણ કરાયું.

જે અંતર્ગત ગુજરાત રાજયના અરવલ્લી જીલ્લાના ભિલોડાના પ્રેરણા હાઈસ્કૂલ ખાતેથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શ્રીમતી નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં ભિલોડાની સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ (કોટેજ) ખાતે “PM CARE” અંતર્ગત રૂ. ૩૦ લાખના ખર્ચે "PSA OXYGEN PLANT'S" સામૂહિક ઈ-લોકાર્પણ કરાયું. જેમાં દર મિનિટે ૨૫૦ લીટર ઓક્સિજન દર્દીઓને આપી શકાય છે. જેનો લાભ ભિલોડાના દર્દીઓને સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ ખાતે મળશે.

આ પ્રસંગે ભિલોડા તાલુકાના ૧૦૦ ટકા રસીકરણ થયેલા ગામડાઓના સરપંચોનું, કોરોના વોરીયર્સોનું તેમજ રસીકરણની ઉત્કૃષ્ટ કામગીરી કરેલ નર્સોને પ્રમાણપત્ર આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ મંત્રીશ્રી નિમિષાબેન સુથારે જણાવ્યું કે, આજથી પ્રારંભ થતી નવરાત્રીના પાવન પર્વે રાજયના તમામ નાગરીકોનું સ્વાસ્થ્ય, આનંદમય અને નીરોગી બને તેવી શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, અરવલ્લી જીલ્લામાં આ મારો પહેલો પ્રવાસ છે. આ જીલ્લાની ગિરીમાળાઓ અને શામળીયા ભગવાનના સાનિધ્યમાં આજે હું આવીને ધન્યતા અનુભવું છું. આજનો દિવસ એ મહત્વ અને ઉપયોગી છે. તેમણે જણાવ્યું કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેક છેવાડાના માનવી સુધી હોસ્પિટલો, દવાઓ, કોરોનાની રસીની પહોંચાડવાનું કામ કેન્દ્ર સરકારે કર્યું છે.જ્યારે વિકસિત દેશો કોરોનાની મહામારી સામે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, ત્યારે એવા કપરા સમયે વડાપ્રધાનશ્રી દેશના ડોક્ટરો પર અને ફાર્મસી કંપનીઓ પર ભરોસો રાખીને તેમને કોરોનાની રસી બનાવવાની પરવાનગી આપી હતી. તેમની આ કસોટીમાં તેઓ ખરા ઉતર્યા હતા. આરોગ્ય વિભાગે કોરોના કાળમાં અંતરીયાળ વિસ્તારમાં રસીકરણ કર્યુ એ સાચા અર્થમાં સેવા અને સમપર્ણનું પ્રતિક છે. આરોગ્ય વિભાગે કોરોના કાળમાં જીવના જોખમે લોકોની સેવા કરી છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી કોરોના કાળમાં ગરીબ પ્રજાની ચિંતા કરીને મા કાર્ડ તેમજ આયુષ્માન ભારતની શરૂઆત કરી. જેમાં ગરીબ વ્યક્તિ તેમાં ૫ લાખ રૂપિયા સુધીની રકમ સુધી કોઈપણ હોસ્પિટલમાં પોતાનો ઈલાજ કરાવી શકે છે. જેનાથી અનેક લોકોના જીવ બચ્યા છે. વર્તમાન સમયમાં આયુષ્યમાન ભારતની મેગા ડ્રાઈવ ચાલી રહી છે તો તેમાં જરૂરીયાતમંદ લોકોને કાર્ડ મળી રહે તે દિશામાં કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.આજે વડાપ્રધાનશ્રી દ્વારા ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરીને આપણને એકબીજા સાથે ડીજીટલ રીતે જોડી રાખશે. તેમજ દરેક માસ્ક અવશ્ય પહેરવુ જોઈએ, વારવાર સેનેટાઈઝર કરવું જોઈએ અને એકબીજાથી અંતર જાળવવું અપીલ કરી હતી. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણે જણાવ્યું કે, કોરોના મહામારીમાં ઓક્સિજન માટે લોકો મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જેથી ભિલોડાની સરકારી કોટેજ હોસ્પિટલ ખાતે બે-બે ઓક્સિજન પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનાથી ઘણી રાહત અનુભવાશે, કોરોના હવે જવાની તૈયારીમાં છે. હવે લોકોએ જાગૃત થઈ રહ્યા છે. જીલ્લામાં હવે ઘણા ગામડાઓમાં ૧૦૦ ટકા રસીકરણ થઈ ગયું છે. વડાપ્રધાનશ્રી ભારતમાં રસી બનાવીને પ્રજાને ઘણો લાભ અપાવ્યો છે.

આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, કોરોનામાં ઓક્સિજનનું મહત્વ ખૂબ જ છે. અત્યાર સુધી જીલ્લામાં ૯૯.૯૯ ટકા પ્રથમ ડોઝનું રસીકરણ થયેલ છે. સરકારશ્રી દ્વારા “PM CARE” અંતર્ગત "PSA OXYGEN PLANT'S" મળેલ છે. કોરોનાના કપરા કાળમાં આરોગ્ય અધિકારીઓએ ખૂબ સારી કામગીરી કરી છે. આરોગ્ય વિભાગની સેવા દરેક વ્યક્તિના જીવન સાથે જોડાયેલી છે. ડોકટરો એ ભગવાનનું સ્વરૂપ છે. તેમજ પ્રથમ ડોઝ લીધેલ લોકોએ બીજો ડોઝ ઝડપથી લેવા માટે અનુરોધ કર્યો હતો. આપણી અને બીજાની સુરક્ષા માટે રસીકરણ જ એકમાત્ર ઉપાય છે.


આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી તરલિકા તબીયાડ, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી, આદિજાતી ડિરેકટરશ્રી પી.સી.બરંડા, પ્રાયોજના વહીવટદારશ્રી એસ.પી.મુનિયા, જીલ્લા અધિક આરોગ્ય અધિકારીશ્રી, ભિલોડા મામલતદારશ્રી, કોરોના વોરીયર્સો, સરપંચશ્રીઓ તેમજ અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી


ડો. જશુભાઇ પંચાલ
પાંડવા


ઘનશ્યામભાઇ પટેલ
સાયરા


કૃણાલ રમેશભાઇ શર્મા
બાયડ


ભાવનાબેન જીતેન્દ્રભાઇ પટેલ
સહજાનંદ સોસાયટી
બાયડ


ધિહાન અંકિતકુમાર પટેલ
દખનેસ્વર


રમણભાઇ કેશરભાઇ પટેલ
પ્રમુખ, નિવૃત્ત કર્મચારી મંડળ, બાયડ તાલુકો, ઉપપ્રમુખ, નિવૃત્ત કર્મચારી મંડળ, અરવલ્લી જિલ્લો, બાયડ

## બાયડનો મારવાડી વેપારી, અનેકને જેલમાં ધકેલ્યા... તેનો કડૂસલો વાળવા હિતશત્રુઓમાં થનગનાટ...

હિંમતનગર,તા.૭

બાયડનો મારવાડી વેપારી... જેના ઉપર અનેક વેપારીઓ સામે તપાસ કરાવવી, જેલમાં ધેકલવા જેવા સંગીન લોક આરોપ સંભળાય છે ત્યારે કહેવાય છે કે તેનો કડૂસલો વાળવા હિતશત્રુઓ એક થઈ થનગનાટ કરી રહ્યા છે. કહેવત છે કે ખાડો ખોદે તે પડે... આવનારા દિવસમાં બાઈક ઉપર હરાયા કૂતરાની માફક રખડતો મારવાડી વેપારી જેલમાં ન જાય તો જ નવાઈ...!!

છેલ્લા કેટલાક દિવસથી બાયડનો એક વેપારી ચર્ચામં છે. બાયડના જે પણ વેપારીઓના ત્યાં અધિકારીઓ દ્વારા તપાસ થઈ તેમાં સાંકેતિક રીતે મારવાડી વેપારીના ઈશારે વેપારીઓને કનડગત થતી હોવાનું જગજાહેર છે. પોતાના ત્યાં પણ સરકારનો માલ ભરી રાખી વેપલો કરવાના આરોપથી ઘેરાયેલો વેપારી હવે શા માટે બીજા વેપારીઓને જેલમાં ધકેલવા અધીરો બન્યો છે તે એને ખબર, પરંતુ કહેવાય છે કે રાતોરાત લખપતિ બનવાની સ્વપ્નમાં પોતાનો ધંધો ચોપાટ થતાં નવરો બેઠો નખ્ખોદ વાળે તે ઉક્તિ અનુસાર મારવાડી વેપારીએ શોર્કકટ ભ્રષ્ટ અધિકારીઓ સાથે સેટીંગ કરી અન્ય વેપારીઓને હેરાન કરવાની કળા શરૂ કરી છે. બાયડના અનેક વેપારીઓને સંદિગ્ધ મારવાડી વેપારીના પેતરાની ગંધ આવી જતાં આવનારા દિવસોમાં બાયડમાં મોટું મહાભારત પણ થઈ શકે છે.

## ઓલ ગુજરાત મોઢ પાટીદાર સમાજના પ્રમુખ તરીકે નિયુક્તિ

વડાગામ,તા.૭



ગુજરાત મોઢ પાટીદાર સમાજવાડી, આગી પોલ (સાબરકાંઠા) ખાતે સમાજની સામાન્ય સભા યોજાઈ જેમાં મુખ્ય જિલ્લા સહકારી વકીલ અરવિંદભાઈ પટેલ ઓલ ગુજરાત મોઢ પાટીદાર સમાજના પ્રમુખ તરીકે નિયુક્તિ કરાઈ હતી. ઉપપ્રમુખ એડવોકેટ નિતિનભાઈ પટેલ, નિલેષભાઈ મોઢ, મહામંત્રી પ્રવીણભાઈ પટેલની વરણી કરવામાં આવી. નવ નિયુક્ત પ્રમુખે સમાજને વધુ સંગઠીત બનાવી અધુરા કામો પૂરી કરવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. નવા હોદેદારોને પૂર્વ પ્રમુખ બી.જે. પટેલ, જેઠાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, કનુભાઈ પટેલ (પત્રકાર - વડાગામ) વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

## કોટડા ગઢી પ્રાથમિક શાળામાં શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો



બાયડ,તા.૭

પોશિના તાલુકાની કોટડા ગઢી પ્રાથમિક શાળામાં વય નિવૃત્ત થતા શિક્ષક મનું ભાઈ પ્રજાપતિ નો વિદાય સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે શાળા પરિવાર ના સભ્યો અને એસ.એમ.સી.ના સભ્યો એ હાજર રહી નિવૃત્તિ જીવન તંદુરસ્ત રહે તેવી શુભકામના આપી હતી. આ ઉપરાંત જૂથ શાળા ના તમામ શિક્ષક ભાઈ બહેનો એ હાજર રહી નિવૃત્ત શિક્ષકને સન્માનપત્ર આપી શુભકામના પાઠવી હતી.

## અરવલ્લી ભાજપા મહિલા મોરચા ટીમે મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી

### અરવલ્લી મુલાકાત માટે આમંત્રણ આપ્યું



બાયડ, તા.૭

અરવલ્લી જિલ્લા ભાજપા બક્ષીપંચ મહિલા મોરચાની ટીમએ પ્રમુખ નેહાબેન એચ પટેલની આગેવાની હેઠલ ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત લઈ શુભેચ્છા પાઠવી હતી. મુખ્યમંત્રીએ અરવલ્લી જિલ્લાના વિકાસ બાબતે પૃચ્છા કરી હતી. નવા મુખ્યમંત્રીની મુલાાત માટે ભાજપા કાર્યકરો ગાંધીનગર જઈ રહ્યા છે. મુખ્યમંત્રી તરીકે ચાર્જ સંભાળ્યા પછી ત્વરીત લોક ઉપયોગી કામ શરૂ થયાનો આનંદ પ્રજા-ભાજપાના કાર્યકરોમાં જોવા મળી રહ્યો છે. ત્યારે જિલ્લા ભાજપાની મહિલા અગ્રણીઓ નેહાબેન પટેલ, પ્રિતીબેન ઠેકડી, ચંદ્રીકાબેન બાટી, ગાયત્રીબેન પટેલ, વનિતાબેન પટેલ, મીનાબેન પટેલ સહિતના અગ્રણીઓએ મુખ્યમંત્રીને શુભેચ્છા આપી અરવલ્લી જિલ્લાની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું.

## ડીસાના રાણપુર ગામે ઉછીના પૈસાના આપતા દંપતિ ઉપર છરી વડે હુમલો

### ગામના જ ઈસમ સામે પોલીસ ફરિયાદ દાખલ

ડીસા, તા. ૭

ડીસા તાલુકાના રાણપુર આથમણા વાસ ખાતે રહેતા ઠાકોર દંપતિ પાસે ગામના જ એક ઈસમે ઉછીના પૈસા માગ્યા હતા જોકે તેમને પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા ઈસમે તેમના ઉપર છરી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી.આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે પોલીસ ફરિયાદની વિગત અનુસાર રાણપુર આથમણાં વાસ ખાતે રહેતા પરથીજી તલાજી ઠાકોર અને તેમના પત્ની કમુબેન બુધવારે બપોરના સુમારે નવરાત્રીનો તહેવાર હોઈ ગામમાં આવેલા માતાજીના મન્દિર તરફ જતા હતા તે દરમિયાન રસ્તામાં ગામનો જ પોપટજી ચંદુજી ઠાકોર સામો મળેલો અને પરથીજી પાસે ઉછીના પૈસા માંગવા લાગેલ. જોકે પરથીજીએ કહ્યું કે મારી પાસે પૈસા નથી. જેથી પોપટજી એકદમ ઉશ્કેરાઈ ગયેલો અને જેમ તેમ ગાળો બોલવા લાગેલ તેને ગાળો બોલવાની ના પાડતા તે પરથીજીને મારવા લાગેલ અને તેની પાસેની છરી ડાબા ખભા ઉપર મારેલ. તે દરમિયાન પરથીજીના પત્ની કમુબેન તેમને છોડાવવા જતા તેમને પણ માથાના ભાગે છરી લાગેલ. અચાનક હુમલાથી ગભરાઈ ગયેલા કમુબેન બુમો પાડવા લાગતા આસપાસના લોકોએ દોડી આવી તેમને છોડાવેલા જોકે જતા જતા પોપટજીએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બાબતે કમુબેને ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલિસે વિવિધ કલમ હેઠળ પોપટજી ચંદુજી ઠાકોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દિવાળી પછી મકાન મોંઘા થશે

## મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા બિલ્ડર્સ એસોસિએશન જનરલ સભા યોજાઈ

મોડાસા,તા.૭

મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા બિલ્ડર્સ એસોશિએશનની જનરલ સભા યોજાઈ જેમાં અરવલ્લી જિલ્લાના રહીશોને ઘરનું ઘર રસ્તુ મળી રહે તેમજ હાલ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવાથી રેતી, કપચી, સિમેન્ટ, લોખંડ, સેનેટરી આયરન તેમજ ઈલેકટ્રીકલ વાયરોમાં ૨૦ થી ૪૦ ટકાનો ભાવ વધારો જોવા મળ્યો છે. ત્યારે સ્વાભાવિક રીતે મકાન, બંગ્લોઝનું નિર્માણ કાર્ય મોંઘુ થાય તે આવશ્યક છે પરંતુ દિવાળી સુધી નવો ભાવ વધારો નહીં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં કોરોનાના કારણે મૃત પામેલા વ્યક્તિના કુટુંબીજનોને મકાન ખરીદવા માટે રૂા. એક લાખ સુધીનું ડિસ્કાઉન્ટ નવીન મકાન ખરીદીમાં જાહેર કરવામાં આવેલ છે. જિલ્લાના રહિશોને સરકારશ્રી દ્વારા આ અધિકૃત પ્લાન મુજબના તેમજ સારી ક્વોલિટીના મકાન મળી રહે પ્રધાનમંત્રીના સ્વપ્નના મુજબ દરેકને ઘરનું ઘર મળી રહે અને તે પણ વ્યાજબી કિંમતમાં મળી રહે તેવા અફોર્ડેબલ પ્રોજેક્ટ મુકવાનું પણ નક્કી કરવામાં આવેલ છે. મોડાસાને ઉત્તમ ગુજરાતનું શ્રેષ્ઠ નગર બનાવવા તેમજ બંગ્લોઝ કે સોસાયટીમાં સારા ટકાઉ રસ્તા, ડ્રેનેઝ લાઈન, અન્ડર ગ્રાઉન્ડ ઈલેકટ્રીક લાઈન, ૨૪ કલાક પાણીની સગવડ, તેમજ ડસ્ટ ફ્રી સ્વચ્છ સ્કીમો સાથે પાર્કીંગ અને આધુનિક ગાર્ડન સાથેની સુવિધા આપવાની નવી સ્કીમોમાં ભાર આપવામાં આવ્યો છે. જેથી સરકાર શ્રીને આગામી પાંચ વર્ષ સુધી ભૌતિક સુવિધા પાછળનો ખર્ચ ઘટી શકે.



વધુમાં લોભામણી સ્કીમોમાં અરવલ્લીનો ગ્રાહક છેતરાય નહીં અને રેરાનો અમલ કરી સરકારશ્રીના નિયમોનું પાલન કરી અરવલ્લીના રહિશો ને સારા મકાન આપવાની તેમજ કોમર્શિયલ કોમ્પલેક્ષમાં પાર્કીંગની સુવિધા, વિઝિટર પાર્કીંગ સહીતની સવલતો આપવા તેમજ જીડીસીઆરનું ચુસ્ત પાલન કરવા અપીલ કરાઈ છે. આજે પણ ઉત્તર ગુજરાતમાં મહેસાણા સિવાય એક માત્ર મોડાસા શહેરમાં અદ્યતન સગવડ સાથેની ટાઉનશિપ જેવી સ્કીમો મુકવામાં આવી રહી છે. તેવા નિર્માતાઓને એસોશિયેશન અભિનંદન પાઠવેલ છે.

## પ્રાંતિજ બ્રહ્માણી માતાના મંદિર ખાતે ધજારોહણ કાર્યક્રમ યોજાયો

### પ્રથમ નોરતે બ્રહ્માણી માતાના મંદિર ખાતે ધજારોહણ કાર્યક્રમ યોજાયો : કોરોના ભય વચ્ચે નવરાત્રીનો શુભારંભ : સોશીયલ-ડિસ્ટન્સ સાથે મંદિરમાં કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત ભરમાં નવરાત્રી નો આજથી પ્રારંભ થઈ ગયો છે ત્યારે આ વરસે કોરોના ના ભય વચ્ચે સરકાર શ્રી ની ગાઈડ લાઈન મુજબ નવરાત્રી યોજાઈ રહી છે ત્યારે પ્રાંતિજ ના બ્રહ્માણી માતા ના મંદિર ખાતે પણ પ્રથમ નોરતે ધજા રોહન કાર્યક્રમ યોજાયો હતો. પવિત્ર નવરાત્રી નો આજથી પ્રારંભ થઈ ચુક્યો છે ત્યારે પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રી બ્રહ્માણી માતા ના મંદિર ખાતે કોરોના ના ભયં વચ્ચે વહેલી સવારે ધજા રોહન કાર્યક્રમ યોજાયો હતો જેમાં મંદિર




વ્યવસ્થાપક કમિટી દ્વારા મંદિર સહિત મંદિર સંકુલમાં સેનીટાઇઝ કરવામાં આવ્યું હતું તો મંદિરમાં આવેલ દરેક માઇ ભક્તોને ફરજીયાત માસ્ક પહેરવા સહિત સરકાર ની ગાઈડ લાઈન મુજબ સોશીયલ ડીસન્ટન સાથે બ્રહ્માણીની માતાના મંદિર ખાતે ધજારોહન કાર્યક્રમ યોજાયો હતો તો મંદિર ખાતે આરતી યોજાઈ હતી અને નવરાત્રીના પ્રથમ નોરતેથીજ મંદિર ખાતે પટેલ સમાજ ના ભાઈ બહેનો તથા માઈ ભકતો ઉપસ્થિત રહ્યા હતાં અને પ્રથમ નોરતે માના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો મંદિર ખાતે નવમા નોરતે પાંડવો વખત થી ભરાતો પલ્લી મેળો આ વર્ષે કોરોનાના ભય ને લઈને મંદિર વ્યવસ્થાપક કમિટી દ્વારા મોકુફ રાખવામા આવ્યો છે તો સરકાર શ્રી ની ગાઈડ લાઈન મુજબ નવરાત્રી દરમ્યાન મહોત્સવ યોજાશે તો મંદિરના ટ્રસ્ટી અશોકભાઈ પટેલ, મંત્રી મનુભાઈ પટેલ, ભઈલાલભાઈ પટેલ, અમરભાઈ પટેલ અશોકભાઈ પટેલ સહિત માઈ ભકતો ઉપસ્થિત રહ્યા હતા.